# ગ્રાહક માર્ગદર્શિકા

## લોન અને ક્રેડિટ સુવિધા અંગે મહત્વની માહિતી

ગ્રાહકોને લોન સંબંધિત નિયમો સરળ રીતે સમજાવવા માટે લીફલેટ તૈયાર કરવામાં આવેલ છે.

"પ્રિય ગ્રાહક, અમારી બેન્કના લોન સંબંધિત પ્રાથમિક નિયમો આ સાથે સમજાવેલ છે.

**1) લોન લેતા પહેલાં**

જો તમારી પહેલેથી અન્ય કોઈ બેંક અથવા સહકારી સંસ્થામાંથી લીધેલ લોન ચાલુ છે તો તે બેન્કમાંથી, અમારી બેન્કમાંથી બીજી નવી લોન લેવા માટે, **No Objection Certificate (NOC)** આપવું જરૂરી બની શકે છે.

**2) કરંટ એકાઉન્ટ ખોલતી વખતે**

ખાતું ખોલતી વખતે ગ્રાહકે:

અન્ય બેંકમાં લોન છે કે નહીં તેની સાચી માહિતી આપવી, જો લોન હોય તો તેની સંપૂર્ણ વિગતો આપવી.

▯ ખોટી માહિતી આપવાથી ખાતાની સુવિધા પર અસર પડી શકે છે.

**3) સહકારી સંસ્થા/બેંકના સભ્યો માટે**

જો તમે અન્ય સહકારી સંસ્થાના સભ્ય હો, તો: શેરની સંખ્યા, લોનની રકમ અને બાકી બેંકને જણાવવી ફરજિયાત છે.

**4) નાણાકીય દસ્તાવેજો**

લોન માટે: ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ઓડિટ કરેલા હિસાબો બેંકને આપવાના રહેશે.

**5) લોનનો યોગ્ય ઉપયોગ**

લોનની રકમ **માત્ર મંજૂર હેતુ માટે જ વાપરવી**

⃠ લોનની રકમનો ખોટો ઉપયોગ કરવો ગંભીર બાબત છે.

**6) ફંડનો દુરુપયોગ એટલે શું?**

- લોનની રકમ અન્ય કામમાં વાપરવી
- બેન્ક ને તારણમાં આપેલ સ્ટોક વેચીને રકમ લોન ખાતામાં જમા ન કરાવવી
- બેંકને જાણ કર્યા વગર રકમ અન્ય બેંકમાં ફેરવવી

⚠ આવા કિસ્સામાં બેંક કડક કાર્યવાહી કરી શકે છે.

**7) લોન ચુકવણી**

હપ્તા સમયસર ચૂકવવા, વિલંબ થાય તો ખાતું **NPA** બની શકે છે. કાનૂની કાર્યવાહી પણ શક્ય છે

8) **લોન ખાતાની તાપસ અને યુનિટની વિઝીટ, બેંકની દેખરેખ**

બેંક સમયાંતરે લોન ખાતાની તાપસ અને સમીક્ષા તથા યુનિટની વિઝીટ તપાસ કરે છે, જે ગ્રાહકના હિતમાં જ છે.

9) **ગ્રાહકની જવાબદારી**

સાચી માહિતી આપવી, લોનની સમયસર ચુકવણી કરવી, બેંક સાથે સહકાર રાખવો

10) **અમારી પ્રતિબદ્ધતા**

અમારી બેંકનો હેતુ છે:

- સુરક્ષિત લોન સુવિધા
- નાણાકીય શિસ્ત
- લાંબા ગાળાનો વિશ્વાસ